# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

Vol. No. 24 ❖ Issue : 05 ❖ Pages : 36 ❖ November 2025 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા

સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત




## આધિપત્ય (વર્ચસ્વ) જમાવવાની સ્પર્ધા

ભગવાન કોઈ દુશ્મનને પણ આ દિવસ ન દેખાડે. એવું કોઈ કહે તો સમજી લેવાનું કે એ વ્યક્તિ હંગામી ધોરણે લાગણીશીલતાના પ્રભાવમાં છે. એ બાબતે બહુ સ્પષ્ટ છે કે ઘોડા ઘાસ સે દોસ્તી કરેગા તો ખાયેગા કયા? જો કે આ વાત અલગ છે કે ઘોડો, ઘાસનો દોસ્ત નથી તો દુશ્મન પણ નથી. દોસ્ત કેવા હોય એના માટે તો ફ્રેન્ડશિપ ડેના પાનાં ભરી-ભરીને લખાય છે પણ દુશ્મન કેવા હોય? હકીકતમાં તો દુશ્મનાવટ કેવી હોય? ટોમ એન્ડ જેરી જેવી જે એકબીજાને જંપ ન લેવા દે કે શતરંજના ખેલાડી જેવી જે શાંતિથી બે ખુરશી નાખીને બેઠા હોય?

જ્યારે બે વ્યક્તિ, એક જ વસ્તુ, વ્યક્તિ, સ્થાન, કૌશલ્ય પર એક જ સમયે આધિપત્ય જમાવવા માગતા હોય ત્યારે બે વચ્ચે સ્પર્ધા થાય. આ પ્રતિસ્પર્ધા એટલે દુશ્મનાવટ, શત્રુતા અને પ્રતિસ્પર્ધા એટલે દુશ્મન, શત્રુ. ક્યારેક કોઇ વ્યક્તિ શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક દરેક ક્ષેત્રે પોતાનાથી ચડિયાતી હોય અને એની બરાબરી કરવાનું ગજું ન હોય ત્યારે ઘણી વખત એના માટે દ્વેષભાવ આવી જાય છે. સામેવાળા માણસ સુધી એ શત્રુતા પહોંચી હોય કે નહિ એ પછીની વાત છે, પણ કોઈને સફળ જોઇને આવતી અદેખાઇ એ એક પ્રકારની શત્રુતા. કે પછી પોતાને સર્વગુણ સંપન્ન માની, બીજા બધાને તૃણવત સમજી, પોતાના હું પદના મદમાં રાખવાનો અહંકાર એટલે શત્રુ.

કોઈ કારણથી ભયંકર નકારાત્મક આવે, એ વિશે વિચારતા જ કાળ ચડે, અકારણ ખીજ ઉતારવાનું મન થાય કે એનાથી દૂર ભાગી જવાની ઈચ્છા થાય એ અણગમો અને ગુસ્સો એટલે આપણા શત્રુ. કોઈના તરફથી ભોગવેલી નુકસાની કે હેરાનગતિના કારણે એની હાજરીમાં

અનુસંધાન પેઈજ નં.૪ ઉપર....


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ તારીખ
તા. ૧૧.૦૨.૧૯૫૬

અરિહંત શરણ
તા.૨૭.૧૧.૨૦૨૪

## સ્વ.શ્રી જતીનકુમાર ચંદુલાલ પટવા

**લિંબડી નિવાસી, હાલ - કાંદિવલી, મુંબઈ.**

સ્વ.શ્રીમતી શૈલાબેન જતીનકુમાર પટવા
સ્વ.શ્રીમતી શારદાબેન ચંદુલાલ પટવા ના સુપુત્ર
શ્રીમતી અમીબેન આકાશ પરાખ ના પિતાશ્રી
જીવનમાં આપેલાં અપરંપાર સ્નેહ
અને
સહારાનો હૃદયથી આભાર
તમે હમેશા યાદ રહેશો.

શ્રી અતુલ પુષ્પાબેન નગીનદાસ સંઘવી
અને પરિવાર

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**
-: ચેરમેન એપેક્ષ :-
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ
-: પ્રમુખ :-
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ
-: ઉપપ્રમુખ :-
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ
-: મંત્રી :-
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ
-: સહમંત્રી :-
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ
-: ખજાનચી :-
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ
-: સહ ખજાનચી :-
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ
-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર – કારો.કમીટી :-
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ
-: ટ્રસ્ટીશ્રીઓ :-
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯
કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦
મો. : ૯૧૩૭૩૪૨૮૧૮
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮
ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

-: મુદ્રક :-
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

**તંત્રી સ્થાનેથી....**

## ‘‘વિચારોનું મહત્ત્વ’’

મિત્રો, જીવનમાં બધું શક્ય છે. આપણે ધારીએ તે બધું કરી શકીએ છીએ. તેવી પાત્રતા આપણા પ્રભુએ સૌને આપી છે. પણ પ્રશ્ન એ છે કે આપણે જાણીએ છીએ પણ માનતા નથી.

IMPOSSIBLE શબ્દ પોતે જ કહે છે કે I M POSSIBLE. જીવનમાં તમે જેવું વિચારો છો. તેવા જ તમે બનો છો. એટલે કે સમગ્ર જીવન પર વિચારોનું ખૂબ જ મહત્ત્વ છે. You attract thoughts, people and experiences, which are congruent with how you think and feel about yourself. એટલે કે તમે તમારા વિષે જેવું વિચારો કે અનુભવો તેને અનુરૂપ જ તમે નવા વિચારો, માણસો કે અનુભવોને આકર્ષી શકો છો. આ જ બાબતને આપણે સત્ય ઘટનાથી સમજીએ.

ઈ.સ.૧૯૫૨માં ઇંગ્લેન્ડના એથલેટ રોજર બેનીસ્ટરે નક્કી કર્યું છે કે હું ચાર મિનિટમાં એક માઈલ દોડવાનો વર્લ્ડરેકોર્ડ સ્થાપિત કરીશ. અત્યાર સુધીમાં કોઈ પણ દોડવીર ચાર મિનિટમાં એક માઈલ દોડી શક્યો જ નહોતો. એટલે કે બધા એમ માનતા હતાં કે આ બાબત અશક્ય છે. પણ રોજર બેનીસ્ટરે સને ૧૯૫૪માં એક માઈલનું અંતર ૩ મિનિટ અને ૫૯ સેકન્ડમાં પૂર્ણ કરીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો.

તેણે દોડવીરોને એ પ્રેરણા પૂરી પાડી કે ૪ મિનિટમાં ૧ માઈલ દોડવું શક્ય છે. આમ, હવે અન્ય દોડવીરો વિચારતા થયાં કે તે શક્ય છે. આપશ્રીને જાણીને નવાઈ લાગશે કે રોજરે વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યા પછીના માત્ર ૪૬ દિવસમાં ઓસ્ટ્રેલિયાના જ્હોન રેન્ડી નામના દોડવીરે ૩ મિનિટ અને ૫૮ સેકન્ડમાં એક માઈલ દોડીને નવો વિશ્વવિક્રમ સર્જ્યો! આમ, રોજરનો રેકોર્ડ તૂટી ગયો અને એ પછી એક જ વર્ષના સમયમાં બીજા ૩૦ દોડવીરો ૪ મિનિટમાં એક માઈલ દોડી ગયા હતા.

વાચક મિત્રો, મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે, વિચાર પણ એક કામ જ છે એટલે કે, એક પણ વિચાર નકામો જતો નથી. તેથી હંમેશાં સારા વિચાર જ કરવાં જોઈએ. તો ચાલો, આપણે આ નૂતન વર્ષથી આપણી પોતાની જાત માટે હકારાત્મક બનીએ, સારું વિચારીએ, સારા કાર્યો કરીએ અને બીજાના માટે પણ ઉદાહરણરૂપ બનીએ... ખરું ને?

### શું વાંચશો..? આ અંકમાં...

લેપટોપ વિતરાગ કાર્યક્રમ, ફોટા અહેવાલ પાલીતાણા ‘છ’ગાઉ યાત્રા પેકેજ જન્મદિવસ + લગ્નદિવસની શુભેચ્છાઓ સમૂહ લગ્નની જાણકારી સગપણ બાયોડેટા ટૂંકી માહિતી ડીજીટલ ઝાલાવાડ પત્રિકાના સુધારેલા દર એશોસીયેટ પેટ્રન સભ્ય કોણ બની શકે? પરામંડળોના કાર્યક્રમોની જાણકારી પરામંડળ-મહિલા મંડળના અહેવાલ માહિતી જાણકારી શ્રધ્ધાંજલી પાર્લા મંડળ વાર્ષિક કાર્યક્રમ ફોટા અહેવાલ મેમોગ્રાફી મેડીકલ કેમ્પ વિષે વસીયતનામું કાયદાકીય માર્ગદર્શન સલાહ

અનુસંધાન કવર પેઈજ નં.૧ ઉપરથી શરૂ....

મગજનું વધી જતું તાપમાન, એને જડબાતોડ જવાબ આપવાની ઉત્કંઠા, એ આક્રમકતા એટલે શત્રુ. અને જો જવાબ આપી શકવા માટે પોતાની જાતને સમજીને ચૂપચાપ રહેવું એ લાચારી એ મૌન એટલે શત્રુ.

ઘણી વ્યાખ્યાઓ થઈ ગઈ દુશ્મનીની, શત્રુતાની, પણ દરેકમાં એક બાબત સામાન્ય છે. માણસ જેને શત્રુ કે શત્રુતા માને છે એ મોટાભાગે મનમાં રહેલી લાગણી છે એ લાગણીના કારણથી કોઈ વ્યક્તિને કે પરિસ્થિતિને દુશ્મન માની લઈએ છીએ. પોતાના સામર્થ્યથી સામેવાળા માત થાય તો જીતાય ને સત્તા મળે. એટલે કે એક વખત કોઈને શત્રુ માની લીધા પછી એનાથી બળિયા બનેલા રહીએ ત્યાં સુધી બધું બરાબર, પણ જેવા શત્રુની બાજુનું પલ્લું નમે એટલે લડી લેવાના કે ઘૂંટણિયા ટેકવી દેવા એટલે શત્રુથી જીતવું કે હારવું.

પણ દુશ્મની હાર-જીતથી આપી શકાય? રાવણ તો પ્રખર વિદ્વાન હતા, એ રામના દુશ્મન નહોતા. અહીં હકીકતમાં કોઈ શત્રુ હતો તો એ હતો રાવણનો અહંકાર. પાંડવો ને કૌરવો તો કાકા-બાપના ભાઈઓ હતા. બે ભાઈ ઓ વચ્ચે મનમેળ ન હોય એવું બને પરંતુ એ બન્નેને એકબીજા માટે દુશ્મનાવટ કેવી રીતે હોય. અહીં શત્રુ તરીકે હતા પાંડવો સામે સતત થઈ રહેલી હેરાનગતિ. ભારત અને પાકિસ્તાન દેખીતી રીતે એક જ ભૂમિના બે ટુકડા હોવા છતાં બન્નેની વાસ્તવિકતા અને વિચારધારામાં જમીન આસમાનનો તફાવત છે. પાકિસ્તાન આતંકવાદ સિવાય દરેક ક્ષેત્રે ભારત સામે હીણું છે. છતાં એ પોતાને શ્રેષ્ઠ અને ભારતને વામણું પુરવાર કરવાના ઠાલા પ્રયત્નો કાર્ય કરે છે. તેની આ આદત ભારત જ નહિ સમગ્ર વિશ્વ સામેની શત્રુતા છે. જ્યાં અદેખાઈને પ્રેરણાબળ બનાવી આગળ જવામાં નહિ, પોતાનાથી બળિયાને પગ ખેંચીને પછાડવામાં પ્રવૃત્તિમાં ધમધોકાર વ્યસ્ત રહેવાની પરપીડન વૃત્તિમાં જ લાભ દેખાય છે.

મહાસત્તા બનવાનો અર્થ પોતાના સિવાય બધાને દબાવીને રાખવાનો નથી હોતો. કોઈનાથી દબાઈને રહેવાના બદલે ટટ્ટાર થઈ ઉન્નત મસ્તકે જીવી શકાય માટેનો એક ઓન પેપર રેકોર્ડ હોય છે જેને ચોવીસ કલાક ડિસપ્લેમાં મૂકવાની કોઈ જરૂર નથી. અને દરેક વખતે પોતાની શ્રેષ્ઠતા અને મહાનતા સાબિત કરવા પ્રવૃત્ત રહેતા દરેક સત્તાધારી સમાજ માટે શત્રુ છે. પરસ્પર સમાજના બદલે પોતાની સર્વોપરિતા સાબિત કરતા રહેવાના હોય તો એ બાબત સમગ્ર સમાજ માટે શત્રુ છે. છેલ્લા થોડા વર્ષોમાં અનેક જૈન સંસ્થાઓ, જૈન સંઘો, મંડળો, ગ્રુપો અને ટ્રસ્ટોમાં આ પ્રકારનું જાણવા- જોવા મળેલ છે. સંસ્થામાં થોડાક ઉચ્ચ સ્થાને બેઠેલા સભ્યોને લીધે સંસ્થાની પ્રગતિ અને વિકાસ રૂંધાયો છે અને અટકી જાય છે. જે સંચાલકો નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે તેમનો કામ કરવાનો જુસ્સો તૂટી જાય અથવા આવા થોડાક સભ્યોને લીધે સારા નિષ્ઠાવાન સેવા આપતા સંચાલકો સંસ્થાને છોડી દેશે અથવા નિષ્ક્રિય થઈ જશે.

પંદરમી ઓક્ટોબરે જન્મેલા ડૉ.કલામ, લોકશાહીના નામે પ્રશાસન વિપક્ષ બની કૂતરાં-બિલાડાંની જેમ લડતા નેતા અને પ્રજાજનોના તેઓ પ્રિય હતા. કોઈ પાસે એમના વિરુદ્ધ શત્રુતાભર્યું બોલવા જેવું કંઈ ન હતું. અજાતશત્રુ તરીકે જાણીતા નેતા અટલ બિહારી વાજપેયી પણ તેમના વાણી - વર્તન અને વિચારધારાની દક્ષતાથી રાજકારણમાં આગવું સ્થાન ધરાવતા હતા. સમગ્ર વિશ્વને અહિંસા પરમો ધર્મનો સંદેશો આપનારા મહાવીરનું નિર્વાણ કલ્યાણક આસો વદ અમાસની તિથિનું છે. સત્ય અને ધર્મ માટેના યુદ્ધમાં રામે રાવણ પર વિજય મેળવ્યા પછી સીતાજી સાથેનું તેમનું અયોધ્યા પુનરાગમનનો ઉત્સવ જ તો દિવાળી છે.

શત્રુ કોઈ વ્યક્તિ નહિ વિચારધારા છે. જો કોઈ શત્રુને હરાવીને જીતવું કહેવાતું હોય તો હરાવી દો એ દરેક શત્રુને જે તમને પોતાનું જ મન જીતતા રોકે છે.

લહેરખી : યહ દુશ્મની હમ નહીં તોડેંગે જી. એ નિભાવવા જેટલી તો દોસ્તી રાખવી પડશે.

# ધાર્મિક શિક્ષણમાં જાગૃતિ એટલે સુવિકસિત સુરક્ષિત સમાજ

## ધાર્મિક શિક્ષણમાં યોગદાન...પુણ્ય કમાવવાનો સુંદર અવસર

સમાજ પરિવારનાં વિકાસ – સફળતામાં સૌથી મહત્વની અને અગત્યની બાબત કોઈ હોય તો તે સંસ્કારિતા અને ધાર્મિક સંસ્કારોનો વારસો છે. આ માટે કહી શકાય કે જેટલું સારૂ ધર્મ–સંસ્કારોનું સિંચન એટલાં જ સારા મીઠા ફળો સ્વરૂપ સફળ જીવનની મધુરતા.

ધર્મ સંસ્કારોનો વારસો ઉજ્જવલ બની રહે તે માટે જેટલી જવાબદારી માતાપિતા કે વડીલોની છે. તેટલી જ જવાબદારી પરિવારોની અને સમાજની પણ બને છે. અને તેમાં પણ સાધુ–સંતોનો પ્રભાવ વિશેષ હોય છે.

સમાજનું સુવિકસિત – સંસ્કારીત આયોજન હોય તો સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે છે. આપણા સમાજનાં પરિવારો સંસ્કાર, સંગઠન અને સંપથી ઉજળા બને છે. જેમાં પ્રગતિ – વિકાસ ઉત્તરોત્તર વધતા રહે છે. આમ જોઈએ તો વ્યક્તિ – પરિવારોથી તો સમાજ બને છે. એટલે તો ચોક્કસ કહી શકાય કે જેટલો વ્યક્તિઓ – પરિવારોનો વિકાસ એટલો વિકસિત સમાજ – સંગઠીત સમાજ – મજબૂત સમાજ.

હાલના આધુનિક અને ટેક્નોલોજીનાં યુગમાં એજ્યુકેશનમાં ઘણી બધી પ્રગતિઓ જોવા મળેલ છે. તો આ ટેક્નોલોજીની વિપરીત અસરો પણ રહી છે. મોબાઈલ, ટેબલેટ, 'આઈ' પેડ, લેપટોપ, કોમ્પ્યુટરમાં સતત રાચતા રહેતા બાળકો વોટસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ ચેટીંગમાં એટલા વ્યસ્ત રહે છે, કે સાચા સંસ્કારો – ધર્મ શિક્ષણથી કાંઈક અંશે દૂર થતા જાય છે. કોઈપણ સમાજ માટે ધાર્મિક શિક્ષણ ખૂબ જ અગત્યનું અનિવાર્ય બને છે. આપણા શ્રી સંઘના અને સમાજનાં પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોમાં ધાર્મિક શિક્ષણનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે.

આપણા શ્રી સંઘ તરફથી આપણા સમાજનાં પરિવારોનાં બાળકોમાં ધાર્મિક શિક્ષણ ઉજ્જવળ બને તો આપણા સંઘ સમાજમાં ધર્મની જાગૃતિ વધશે. આપણા સમાજમાં ધાર્મિક શિક્ષણનો વ્યાપ વધે તે માટે શ્રી સંઘ તરફથી ખૂબ સારા ઉત્તમોત્તમ પ્રયાસો સ્વરૂપ આયોજન થતા રહ્યા છે. આપણા શ્રી સંઘ તરફથી આપણા સભ્ય પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોને ધાર્મિક શિક્ષણ મહાસંઘની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ઉચ્ચ ગુણાંક મેળવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનારને અને અન્યોને આશ્વાસન પારિતોષિક આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેઓનું ઉચિત બહુમાન કરવામાં આવે છે.

આપણા શ્રી સંઘમાં ધાર્મિક શિક્ષણમાં ઉચ્ચ ગુણાંક મેળવનારનું ઉચિત બહુમાન કરવા સાથે તેઓને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટેના આયોજનના સ્વરૂપ માટેના પ્રેરકદાતા તરીકેના લાભ લેવા ઈચ્છતા ઉદારદિલ પરિવારોને નમ્ર વિનંતી કરીએ છીએ. **હાલમાં એક ઉદારદિલ ઝાલાવાડી પરિવાર તરફથી રૂા.૯ લાખમાં ઓફર આવેલ છે.** આ ઉમદા લાભ લેવાની જે કોઈ પરિવારની ભાવના હોય તો તેઓએ નીચે જણાવેલ વિગત ઉપર સંપર્ક કરશોજી.

**મોબાઈલ નંબર : ૯૧૩૭૩૪૨૮૧૮**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન - મુંબઈ

## લેપટોપ વિતરણ યોજના - ૨

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન છેલ્લા ૩૦ વર્ષથી આપણા સમાજનાં સાધર્મિક જરૂરીયાતમંદ પરિવારોને સાધર્મિક સહાય, તબીબી સહાય, કેળવણી સહાય, સ્વરોજગાર યોજના તથા અન્ય ૯ અલગ અલગ યોજના દ્વારા સમાજનાં જરૂરીયાતવાળા દરેક પરિવારોને સહાયરૂપ થઈ રહ્યું છે.

કેળવણી સહાય યોજના અંતર્ગત આપણા સમાજનાં જરૂરીયાતમંદ પરિવારોનાં તેજસ્વી વિદ્યાર્થીઓને લેટેસ્ટ ટેક્નોલોજીનું લેપટોપ ફાઉન્ડેશન દ્વારા નક્કી કરેલા નિયમો અનુસાર ટોકન રકમ લઈને આ વર્ષે પણ આપવાનું નક્કી કરેલ હતું. જેમાં ગત વર્ષે આ યોજનાનું અનાવરણ કરેલ અને ગત વર્ષે લગભગ ૬૦ લેપટોપનું વિતરણ કરેલ. તેજ રીતે આ વર્ષે પણ લેપટોપ વિતરણનો કાર્યક્રમ તા.૧૧-૧૦-૨૦૨૫, શનીવારનાં રોજ અમૃતબાગ બેન્કવેટ વિલેપાર્લે ખાતે યોજેલ હતો.

તા.૧૧-૧૦-૨૦૨૫નાં સાંજે ૬ કલાક આસપાસ ફાઉન્ડેશનનાં હોદ્દેદારો, માનવંતા ઉદારદિલ દાતાઓ, શ્રી ઝાલાવાડ જૈન સંઘ, ઝલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ, ઝાલાવાડ બિઝનેસ ફોરમ, ઝાલાવાડનાં તમામ પરામંડળો તથા યુવામંડળનાં હોદ્દેદારો પધારી રહ્યા હતા. સાથે સાથે ઝાલાવાડનાં એ તેજસ્વી વિદ્યાર્થીઓ પણ વાલીઓ સાથે આવી રહ્યા હતા. સૌના આગમન અને વિદ્યાર્થીઓનાં ઉત્સાહથી એક સુંદર વાતાવરણનો માહોલ હતો. ઝાલાવાડ મંડળ-પાર્લા તથા અંધેરીના સભ્યો રજીસ્ટ્રેશન કાઉન્ટર ઉપર સર્વેને આવકારી ચાહ-કોફી અને ચૌવિહાર વાપરવાનું કરી હોલમાં પધારવાનું કરી રહ્યા હતા.

બરોબર ૭ કલાકે ફાઉન્ડેશનનાં ખજાનચી શ્રી કિરણભાઈ શાહે સૌને મીઠો આવકાર આપી સમૂહ નવકારમંત્ર પઠન તથા સરસ્વતી વંદન દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરેલ. સૌપ્રથમ આપણા સમાજમાં કેળવણીની જ્યોત ફેલાય એવા શુભ આશયથી ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ, સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, સંઘપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ તથા અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય બાદ સ્ટેજનું સંચાલન ફાઉન્ડેશનનાં સેક્રેટરી-જનરલ શ્રી જીતુભાઈ એસ. કોઠારી દ્વારા કરવામાં આવેલ.

શ્રી જીતુભાઈ કોઠારીએ કાર્યક્રમને આગળ ધપાવતા સૌપ્રથમ ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠને આમંત્રિત કરેલ. શ્રી વિનોદભાઈ ટી. શેઠે સૌને આવકાર આપતા ખાસ કરીને ફાઉન્ડેશનનાં લગભગ તમામ યોજનાનાં ઉદારદિલ દાતાઓ હાજર રહેતા દરેકની ખાસ નોંધ લઈને તેમના ઉદબોધનમાં જણાવેલ કે લેપટોપ વિતરણ જેવી નવી-નવી યોજનાઓ દ્વારા ઝાલાવાડનો દરેક પરિવાર કેળવણી અને આર્થિક ક્ષેત્રે સમૃધ્ધ બને એ માટે તેમની ટીમ હંમેશા કટીબધ્ધ રહેશે. આજે આ લેપટોપ વિતરણ યોજનાનાં બીજા વર્ષે ૪૦ થી વધારે વિદ્યાર્થીઓને વિતરણ કરવાનું હોય છેલ્લા ૨ વર્ષમાં લગભગ ૧૦૦ થી વધારે લેપટોપ વિતરણ કર્યુ હતું. તેની વિગતો આપતા આવતા ૫ વર્ષમાં ૫૦૦ થી વધારે લેપટોપ વિતરણ કરવાનું લક્ષ્ય રજુ કર્યુ હતું. આ ઉપરાંત ઝાલાવાડનાં દરેક જરૂરીયાતમંદ પરિવારોને મેડીક્લેમ યોજનામાં પણ જોડાવાની આગ્રહભરી અપીલ કરી હતી અને ઉદારદિલ દાતાઓનાં સહકારથી તેમજ તેમની સમગ્ર યુવા ટીમ દ્વારા સમાજ માટે વધુમાં વધુ સેવાનાં કાર્યો કરતા રહીશું. એવી ખાત્રી આપી હતી.

ત્યારબાદ ઝાલાવાડ સંઘનાં નવનિયુક્ત સંઘપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહને આમંત્રિત કરતા તેમણે આ પ્રસંગે સમગ્ર ફાઉન્ડેશનની ટીમને આ સુંદર સમાજલક્ષી યોજના અને આજના કાર્યક્રમ માટે અભિનંદન આપ્યા હતા. તેમણે સમાજનાં તમામ તેજસ્વી વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ માર્ગદર્શન આપતા સમાજ દ્વારા આપવામાં આવતા આ લેપટોપનો સદુપયોગ કરી વિદ્યાર્થીઓ પોતાની શૈક્ષણીક

કારકીર્દીમાં ખૂબજ આગળ વધે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

ત્યારબાદ સમાજરત્ન, મુરબ્બી વડીલ, ફાઉન્ડેશનનાં ચેરમેન એમીરેટ્સ શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહને આમંત્રિત કર્યા હતા. તેમણે તેમનાં આર્શીવચનમાં આ સુંદર અને સમાજલક્ષી લેપટોપ વિતરણ યોજના માટે શુભાશિષ આપ્યા હતા અને વધુમાં જણાવેલ કે સમાજ ઉત્કર્ષનાં સેવેલ દરેક સ્વપ્ન સાકાર થાય અને પૂર્ણ થાય તેવી શુભ મનોકામના વ્યક્ત કરી હતી.

ત્યારબાદ ફાઉન્ડેશનનાં સેક્રેટરી–જનરલ અને કાર્યક્રમનાં સંચાલક શ્રી જીતુભાઈ કોઠારીએ જણાવેલ કે આપણો સમાજ ‘જૈન–માઈનોરીટી’માં આવેલો હોય, ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા માઈનોરીટી માટે ચાલતી અનેક યોજનાઓનો આપણા પરિવારો દ્વારા લાભ લેવો જોઈએ, કારણકે અમુક યોજનાઓમાં સરકાર દ્વારા ખૂબજ મોટા પ્રમાણમાં સહાય થતી હોય છે. તેમણે વધુમાં જણાવેલ કે આવી તમામ યોજનાઓની સંપૂર્ણ જાણકારી માટે ફાઉન્ડેશનની ઓફીસમાં અઠવાડીયામાં ૨ વખત એવી વ્યક્તિની નિમણુંક કરવામાં આવશે જે આ તમામ યોજના વિશેની સંપૂર્ણ માહિતી તથા ફોર્મ્સ આપવામાં આવશે જેથી સમાજનાં વધુમાં વધુ પરિવારો સરકારની આ તમામ યોજનાઓનો પણ લાભ લઈ શકે.

કાર્યક્રમનાં મુખ્ય ભાગ તરફ આગળ વધતા ફાઉન્ડેશનના ખજાનચી અને કાર્યક્રમનાં સહ સંચાલક શ્રી કિરણભાઈ કાન્તીલાલ શાહે આ અદ્યતન લેપટોપનાં અનાવરણ માટે મહાનુભાવોને સ્ટેજ ઉપર બોલાવી લેપટોપનું શો–કેસ કર્યુ હતું. તેમણે જણાવેલ કે આ લેપટોપ અતિ આધુનીક છે. જેનો ઉપયોગ દરેક વિદ્યાર્થીઓએ ફક્ત પોતાના એજ્યુકેશન માટે જ કરી શકશે. તેનો ગેરઉપયોગ ન થાય કે અન્ય કાર્ય માટે ઉપયોગ ન થાય તેવી કાળજી રાખવાની અપીલ કરી હતી. સાથે સાથે આ લેપટોપનો તમામ સ્પેશીફીકેશનની વિગતવાર છણાવટ કરી હતી.

ત્યારબાદ ફાઉન્ડેશન કમીટીનાં સભ્યોએ દરેક વિદ્યાર્થીઓને રૂબરૂ સ્ટેજ ઉપર બોલાવી હાજર રહેલ દરેક મહાનુભાવોનાં હસ્તે આર્પણ કરવા માટેનાં આયોજનનું સુંદર સંચાલન કર્યુ હતુ. વિતરણ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ તથા વાલીઓએ આ સુંદર યોજના વિશે આભાર વ્યક્ત કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, આ ઉપરાંત ગત વર્ષે જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને લેપટોપ મળેલા એવા વિદ્યાર્થીઓ પણ હાજર રહી આ લેપટોપ એમની શૈક્ષણીક કારર્કીદીમાં કેટલું ઉપયોગમાં આવ્યુ એના વિશે વાતો કરી એ માટે પણ સંસ્થાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. આ દ્વિતીય લેપટોપ વિતરણ સમારંભમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓને લેપટોપ વિતરણ કર્યા હતા. આ વિતરણમાં ફઉન્ડેશનના સહ ખજાનચી શ્રી કમલેશભાઈ જે. શાહે પણ સુંદર સાથ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં સર્વશ્રી સમાજરત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, શ્રી વિનોદભાઈ ટી. શેઠ, શ્રી હર્ષદભાઈ ડી. શાહ, સંઘપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ, શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી વિરેન્દ્રભાઈ જે. કોઠારી, શ્રી હરનીશભાઈ એમ. શાહ, શ્રી રાજેશભાઈ સી. શાહ, શ્રી રૂપેશભાઈ ડી. શાહ, શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, શ્રી દીપકભાઈ પટવા, સ્થાનિક મંડળોના પદાધિકારી, યુવા મંડળના પદાધિકારી સૌએ હાજર રહી પ્રસંગની શોભા વધારી હતી.

છેલ્લે ફાઉન્ડેશનનાં સેક્રેટરી શ્રી કેતનભાઈ શાહે હાજર રહેલ સમાજનાં ઉદારદિલ દાતાઓ, શ્રી ઝાલાવાડ સંઘ, સ્થાનિક મંડળો, યુવા મંડળો અને આજના કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન કાઉન્ટર માટે પધારેલ સર્વ શ્રી વિમલભાઈ શાહ, શ્રી નૈમિષભાઈ શાહ, શ્રી નિખીલભાઈ સલોત, શ્રી નિશીતભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ તથા આ ઈવેન્ટનો તમામ કાર્યો માટે શ્રી પ્રિતેશભાઈ શાહ–ઘાટકોપર તેમજ આ સમગ્ર આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર દરેક વ્યક્તિઓનો અને દરેક વિદ્યાર્થીઓને આ તકે ફાઉન્ડેશનવતી આભાર વ્યક્ત કરી સમારંભની પૂર્ણાહુતિ કરી હતી.

# MULTIPLE INVESTMENTS

**Empowering Financial Freedom**

**Call: +91 8850 640 843**

**www.multipleinvestments.in | multiplefinancial21@gmail.com**

## Contact us for the following:

- Mutual Funds (SIPs)
- Fixed Deposits
- Mediclaim
- Life Insurance & Term Plan
- Tax Planning

Give Life To Your **Money** By Making it **Grow**

Please feel free to reach out to us at

**Deepali Ajmera**
+91 8850 640 843 (BE, MBA)

**Siddharth Ajmera**
+ 91 9820 812 302 (Chartered Accountant)

Address: 2301-2302, Infinity Elements, Liberty Garden, Malad (West), Mumbai- 400064

---

**કાયમી સંપર્ક:** નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ
સુકેતુભાઈ (જોરાવરનગર)

**૯૦૯૯૯ ૨૨૫૮૯ ૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**૦૨૭૫૨ ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

---

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra

(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

**HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS**

**All Vehicles Available in A/C & NON A/C**



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

---



**Rajesh Shah**
+91 - 9820518767

**Nimit Shah**
+91 - 8976179249



MARKO™
Write with pride...

# NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
- 022 - 28070424
Website : www.markopens.com

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી

ઉપરોક્ત મંડળ દ્વારા આ વર્ષથી એટલે કે વર્ષ ૨૦૨૫ થી મંડળે નક્કી કર્યા મુજબ મુંબઈમાં વસતા આપણા ઝાલાવાડી પરિવારમાંથી કોઈપણ ભાઈ-બહેનનું દિક્ષાનું મુર્હત આવી ગયું હોય તે ભાઈ-બહેનનું બહુમાન કરવાનું મંડળે નક્કી કર્યું છે. તો આપણા સમાજમાંથી કોઈપણ ભાઈ-બહેનનું દિક્ષાનું મુર્હત આવી ગયું હોય તેમણે ખાસ વિનંતી છે કે તેમનાં બહુમાન કરવાનો લાભ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-બોરીવલીને આપે અને મંડળને કૃપા કરીને નીચે આપેલા મોબાઈલ નંબર ઉપર ખાસ જણાવે. તેથી મંડળને તેમના બહુમાન કરવાનો લાભ મળે. શ્રી મનીષભાઈ - ૮૭૭૯૭૮૫૬૮૮ / શ્રી કેતનભાઈ - ૯૩૨૪૬૩૧૭૫૬.

જેમાં આપણાં પરિવારમાંથી જ મૂળવતન લીંબડીના હાલ મીરારોડ રહેતા (ઉ.વ.૧૫) મુમુક્ષુ શ્રી યશ્વભાઈ નીલેશકુમાર શાહ જેઓ આ ઉંમરે ઘર-સંસાર છોડી પ્રભુ મહાવીરના પથ ઉપર કદમ માંડી આત્મવિકાસની પરાકાષ્ઠાએ પહોંચવા અને સિધ્ધોનાં સાધર્મિક બનવાના માર્ગ ઉપર ચાલવા માટે કટિબધ્ધ થયાં છે. એ વિચાર માત્રથી આનંદ અનુભવીએ છીએ. તે મંડળ માટે સૌભાગ્યની વાત છે.

તેમનાં બહુમાન કરવાનો લાભ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-બોરીવલીને તા.૧૯-૧૦-૨૦૨૫ને રવિવારે સવારે ૮.૩૦ કલાકે મંડળનાં સહમંત્રી શ્રી મનીષભાઈ શાહનો ગૃહ આંગણે મુમુક્ષુ શ્રી યશ્વભાઈ વાયણાં નિમિત્તે તેમનાં ઘરે પધાર્યા ત્યારે મંડળનાં સર્વે કમીટી સભ્યોની હાજરીમાં તેમનું બહુમાન શ્રીફળ, શાલ, કવર, મોતીની માળા અને બહુમાન પત્રકથી તેમનું બહુમાન કરવામાં આવેલ હતું જેનો મંડળનાં દરેક સભ્યોને ખૂબજ આનંદ હતો.

તેમનાં બહુમાન બાદ મુમુક્ષુ શ્રી યશ્વભાઈએ બે શબ્દો કહ્યાં હતાં એમાં તેમણે જણાવ્યું હતું કે સંસાર તો અસાર છે. જો આત્માને સિધ્ધગતીએ લઈ જવો હોય તો આપણે બધાંએ પ્રભુ મહાવીર સ્વામીએ બતાવેલ માર્ગ ઉપર એટલે કે સર્વવિરતી ધર્મ અંગીકાર કરીને જ આત્મા સિધ્ધગતીને પામે છે. મારી દિક્ષા કારતક વદ-૨ને તા.૭-૧૧-૨૦૨૫ને શુક્રવારનાં રોજ રામલીલા મેદાન મલાડ (ઈસ્ટ)માં છે. તો આપ સહુએ મને આર્શીવાદ આપવા માટે જરૂરથી પધારવાનું છે.

તમારા સાધુજીવનમાંથી પ્રેરણા મેળવી જીવનઘટનામાં વ્યાપેલ વિષને અમૃતની મધુરતામાં ફેરવી આત્મકમળથી પરિમલ પામીએ. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-બોરીવલી સભ્યોનાં પણ આપ સાચા રાહબર બની અને ભાવીમાં તમે અને અમે સહુ સિદ્ધશિલાની ઉપર આદિ અનંતકાળ માટે નિવાસ કરનારા બનીએ તેવી શુભેચ્છા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળને એક સદગૃહસ્થ પરિવાર તરફથી સાધર્મિક ફંડમાં મંડળને માતબર રકમનું દાન મળેલ છે. જેમનો મંડળ હૃદયપૂર્વક આભાર માને છે.

સાથે આ પરિવાર છેલ્લા ૨૫ વર્ષથી પણ વધારે સમયથી માતબર રકમનું દાન આપેલ છે. તેમજ આ પરિવારની શરત હોય છે કે 'અમારું નામ ક્યાંય જાહેર નહીં કરવું' પ્રસિધ્ધીથી દૂર રહે છે. તેમજ બોરીવલી મંડળની કાર્યક્રમમાં જ્યારે પણ હાજરી આપે છે ત્યારે સ્ટેજ પર બેસતા નથી. કોઈપણ પ્રકારનું બહુમાન સાથે સન્માન સ્વીકારતા નથી અને પધારેલા મહેમાનો સાથે પ્રેક્ષકોમાં બેઠેલા હોય છે. આ પરિવારના સુકૃત કાર્યોમાં દાનની યાદી ઘણી જ મોટી છે. સાદગી અને સરળતાના ચુસ્ત આગ્રહી શાંત સ્વભાવના સદ્‌ગૃહસ્થને લાખ-લાખ વંદન. પરિવારના દરેક સભ્યોને તંદુરસ્તીભર્યું આયુષ્ય બક્ષે એ જ અરિહંત પરમાત્માને પ્રાર્થના.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મહિલા મંડળનાં ભૂતપૂર્વ પ્રમુખ માતુશ્રી સ્નેહલતાબેન ભીખાલાલ વોરાનાં અરિહંતશરણ નિમિત્તે મંડળને રૂા.૧૦,૦૦૦/-ની ભેટ આપેલ છે. તે માટે મંડળ તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - વિલેપારલા

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ-વિલેપારલાનો ૪૪મો વાર્ષિકોત્સવ 'રોયલ ગાર્ડન રીસોર્ટ' નાયગામ, વસઈમાં ખૂબજ હર્ષ-ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો.

શહેરી જીવનમાં અતિ વ્યસ્ત રહેતા માનવીની કુદરતના ખોળે મન પલ્લવિત રહે અને સહિયારા આનંદ માણવો એક મોકો મળી રહે એ હેતુથી એક દિવસીય આનંદ પર્યટનનું આયોજન કરેલ. જેમાં ઘણાં કુટુંબોએ લાભ લઈ આ પર્યટન, વાર્ષિકોત્સવને સુગંધીત બનાવ્યો.

બધાજ સભ્યમિત્રો એ.સી. બસો દ્વારા પારલા (ઈસ્ટ) અને પારલા (વેસ્ટ)થી સવારે ૭.૩૦ વાગે રીસોર્ટ જવા પ્રયાણ કર્યુ. સવારે ૯.૦૦ વાગે રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી સભ્યમિત્રોએ ઝાલાવાડ મંડળ વિલેપારલા માટે, જૈન મેનુ સહ અલગ સુવિધા સાથે સવારનો ફાફડા-જલેબી વગેરેનો નાસ્તો કરી, રીસોર્ટનો આનંદ લેવા, સાથે બાળકો, નાના-મોટા દરેક ઉમર ૩ વર્ષથી લઈ ૮૦ વર્ષ સુધીના દરેક સભ્યમિત્રો આ પર્યટનમાં ઉપસ્થિત રહ્યા. આ સંપૂર્ણ એક દિવસીય વાર્ષિકોત્સવ વિનામુલ્યે દરેક સભ્યમિત્રોએ ઉલ્લાસથી માણ્યો.

અલગ-અલગ એવી પૂલ રાઈડસ, સ્લાઈડ રાઈડસ, ઝીક્ક-ઝેક રાઈડસ, સ્વીમીંગ પૂલ, વેવપૂલ, થંડરપૂલ વગેરે ઘણી બધી રાઈડસનો આનંદ સભ્યમિત્રોએ માણ્યો.

આ સંપૂર્ણ કાર્યક્રમનાં કાયમી વાર્ષિકોત્સવ સ્નેહમિલન સમારંભ તથા સ્નેહમિલન ભોજન સમારભનાં દાતાશ્રીઓ : ચુડા નિવાસી માતુશ્રી સવિતાબેન ત્રિકમલાલ શાહ પરિવાર હ.: શ્રીમતી અમીતાબેન નિતીનભાઈ શાહ, લીંબડી નિવાસી માતુશ્રી પ્રભાવતીબેન નગીનદાસ શાહ પરિવાર હ.: શ્રીમતી વર્ષાબેન કુમારભાઈ શાહ, વિશાલ-શ્વેતા-

રાજ, ધ્રાંગધ્રા નિવાસી માતુશ્રી મંગળાબેન રસીકલાલ તારાચંદ શાહ પરિવાર હ.: શ્રી અશ્વિનભાઈ-સ્વાતીબેન, શ્રી નિતીનભાઈ-સંગીતાબેન, શ્રી અમિતભાઈ-નીશીતાબેન.

ઝાલાવાડ મંડળ વિલેપારલા આ ત્રણેય દાતાશ્રીઓનો આભારી છે. બપોરે ભોજન લીધા પછી સભ્યમિત્રો ઓડીટોરીયમમાં દર્શન-વંદન કર્યા અને ઓડીટોરીયમમાં ભેગા થયાં. આબેહુબ કિશોરકુમારનાં અવાજમાં શ્રી ભૂપેન્દ્રભાઈ શાહે જુનાં ગીતોનો રસથાળ પીરસીને બધાને મંત્રમુગ્ધ કર્યા. શ્રી ભૂપેન્દ્રભાઈ ઝાલાવાડ મંડળ-બોરીવલીના સભ્ય છે. અને ઝાલાવાડ મંડળ-વિલેપારલાનાં આમંત્રણને માન આપી તેઓશ્રી પધાર્યા હતા. ભૂપેન્દ્રભાઈનાં સુંદર અવાજને સૌએ સરાહના કરી. સાથે પીંકી કૈનેશ શાહે પણ ડ્યુએટમાં ગીતો રજુ કર્યા.

ત્યારબાદ સામાન્ય સભા જેનાં મંત્રી શ્રી મયુરભાઈ અને પ્રમુખ શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહે સૌ પધારેલ સભ્યમિત્રોનું સ્વાગત કરી અભિવાદન કરી મંડળની ગત વર્ષની માહિતી, ઝાલાવાડ સંઘની માહિતી સૌ મિત્રોને જણાવી.

ત્યારબાદ ૨૦ તપસ્વીઓનું બહુમાન, માતુશ્રી લલિતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવાર તરફથી દરેક તપસ્વીઓને ઉત્કૃષ્ટ ભેટ આપી બહુમાન કરવામાં આવ્યું. જેમાં શ્રીમતી જ્યોતિબેન ભૂપેન્દ્રભાઈ બાવીશી કે જેમણે ૩૦ ઉપવાસ સાથે વર્ષીતપ (અઠ્ઠમ સાથે) ખૂબજ ઉગ્ર તપસ્યા કરી તથા સાચી ભરતભાઈ શાહે ઉપધાન તપ કર્યુ એમ બધા ૨૦ તપસ્વીઓનું બહુમાન શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ કે જે પારલા મંડળના ઉપપ્રમુખ અને ઝાલાવાડ સંઘમાં ટ્રસ્ટી છે અને શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ ઝાલાવાડ મંડળનાં પ્રમુખ અને ઝાલાવાડ સંઘનાં ટ્રસ્ટી છે. તેમનાં હસ્તે બહુમાન કર્યુ.

ત્યારબાદ વિદ્યાર્થીઓનું સન્માન, માતુશ્રી તારામતીબેન ધનસુખભાઈ ચુનીલાલ પારેખ પરિવાર તરફથી, શ્રી અશ્વિનભાઈ રસીકલાલ શાહ, મંડળના ઉપપ્રમુખ અને શ્રી નીતીનભાઈ ત્રીકમલાલ શાહ, મંડળના મંત્રી દ્વારા કરવામાં આવ્યું. ટોટલ ૧૪ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.

ઝાલાવાડ મહિલા મંડળ વિલેપારલાનાં પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ભરતભાઈ બાવીશીનું બહુમાન, શ્રીમતી વર્ષાબેન કુમારભાઈ શાહ અને શ્રીમતી મીનાબેન મયુરભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાવુક બનેલ શ્રીમતી જ્યોતીબેને પારલા મંડળનો આભાર વ્યક્ત કર્યો અને શ્રીમતી જ્યોતીબેન બાવીશીએ સુંદર ભક્તિગીત રજૂ કર્યુ.

ત્યારબાદ શ્રી વિમલભાઈ યશવંતરાય શાહ અને શ્રીમતી મિકિતા વિમલભાઈ શાહ દ્વારા ઉપસ્થિત સભ્યમિત્રોને જૈન કર્મગ્રંથ અને જીવ વિચાર ઉપર ખૂબ સુંદર સમજૂતી આપી સૌને જૈન ધર્મના જ્ઞાનનો પ્રસાદ પીરસ્યો.

ત્યારબાદ શ્રી મયુરભાઈ રમેશચંદ્ર શાહે સૌને ગેમશો, રમત-ગમતનાં કાર્યક્રમમાં સૌને સામેલ કરી એક સ્પર્ધાત્મક અને રોમાંચક ગેમશોમાં સૌને ખૂબ આનંદ-ઉલ્લાસ અને ઉમંગથી રમાડ્યા. ત્યારબાદ દરેક સભ્યમિત્રોએ ચોવિહાર, સાંજનું ભોજન લઈ બસ દ્વારા વિલેપારલા તરફ પ્રયાણ કર્યું.

ખાસ આ કાર્યક્રમને સફળ કરવામાં લગભગ ૪૩ સહયોગી દાતાશ્રીઓએ રૂા.૭૦૦૦/- લખાવી યોગદાન અર્પણ કર્યુ તે દરેક ૪૩ સભ્યમિત્રોનો ખૂબ-ખૂબ આભાર.

| | |
|---|---|
| શ્રી મહેન્દ્રભાઈ રસીકલાલ કામદાર | રૂા.૧૧,૦૦૦/- |
| શ્રી જીતેન્દ્રભાઈ શાંતીલાલ કોઠારી | રૂા.૧૧,૦૦૦/- |
| શ્રી રાજેશભાઈ હિંમતલાલ શાહ | રૂા.૧૧,૦૦૦/- |
| શ્રી વિરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી | રૂા.૧૧,૦૦૦/- |
| શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ | રૂા.૧૧,૦૦૦/- |
| શ્રી હસમુખભાઈ તારાચંદ શેઠ | રૂા.૧૧,૦૦૦/- |

ઉપરોક્ત સભ્યમિત્રોની ખૂબ ખૂબ અનુમોદના, આભાર સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિલેપારલા મંડળ, શ્રી કૈનેશભાઈ નવીનભાઈ શાહ, શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી, શ્રી દિપકભાઈ શાંતીલાલ દોશી, શ્રી પરાગભાઈ સંઘવી અને મંત્રી શ્રી કિરણભાઈ નવીનચંદ્ર શાહ, શ્રી પ્રકાશભાઈ ગુણવંતલાલ શાહ અને શ્રીમતી જ્યોતીબેન બાવીશીનાં ખૂબ ખૂબ આભારી છીએ.

પારલા મંડળનો આગામી કાર્યક્રમ, યાત્રા-પ્રવાસ ફેબ્રુઆરી મહિનામાં ''કચ્છ-ભદ્રેશ્વર'' નક્કી કરેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - મુલુંડ

**શ્રી મુલુંડ ઝાલાવાડ મંડળ દિવાળી પાર્ટી વિથ ગરબાત્સવ**

વર્ષ ૨૦૨૪ થી મુલુંડ ઝાલાવાડ મંડળે એક અનોખો કાર્યક્રમ ગઈ દિવાળીએ રાખ્યો હતો જેનું શીર્ષક હતું ભવ્ય દિવાળી ઉત્સવ ૨૦૨૪. અને તેમજ આ દિવાળીના મહાપર્વ મુલુંડ ભાંડુપના દરેક પરિવાર સાથે મળીને દિવાળીની ઉજવણી માણી હતી. જેનું શીર્ષક હતું 'રાસગરબાના સંગાથે ભવ્ય દિવાળી ઉત્સવ ૨૦૨૫' આ કાર્યક્રમમાં નવરાત્રિ તેમ જ દિવાળી બંને પર્વની મહેક હતી. જેમાં મુલુંડ અને ભાંડુપના દરેક પરિવારોએ ભેગા દિવાળી પાર્ટી વિથ ગરબોત્સવનું આણંદ લીધો હતો. આ કાર્યક્રમમાં આરતી ડેકોરેશન સ્પર્ધા અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલુંડ તથા ભાંડુપના યુવા વર્ગના દીકરા દીકરીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને દરેક કાર્યક્રમનું સફળ સંચાલન કરે છે તે પ્રમાણે આ વખતે પણ મુલુંડ ઝાલાવડ મંડળનો દિવાળી પાર્ટી વિથ ગરબાત્સવનું ખૂબ જ સફળતાપૂર્વક સંચાલન મુલુંડ ઝાલાવાડ યુથ એ કર્યું હતું.

ગઈ દિવાળીની જેમ જ મુલુંડના મોભી દાતા પરિવાર માતુશ્રી વિલાસબેન કાંતિલાલ શાહ તેમજ માતુશ્રી રંજનબેન બાબુલાલ કુવાડીયા કે જેઓ Maverick Realtors પરિવારના નામે જાણીતા છે. તેમના શ્રી પરેશભાઈ શાહ તેમજ તુષારભાઈ કુવાડીયાએ આ વખતે પણ ખૂબ જ ઉદાર દિલે દિવાળી પાર્ટી વિથ ગરબાત્સવનો મુખ્ય દાતા પરિવાર બનવાનો લાભ લીધો હતો અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મુલુંડ ઝાલાવાડ યુથ ફોર્મના લગભગ દરેક સભ્યોએ રાસ

ગરબાની રમઝટની આનંદ માણી હતી તેમજ યુથ ફોર્મના કમિટીના પ્રેસિડન્ટ વાણી શાહ, પૂજા, ચિરાગ, કૈવન, ધ્રુવી, ભાવિક, યશ્વી તેમજ શ્રેય શાહ અને અન્ય કમિટી મેમ્બરોએ દિવસ રાત મહેનત કરી અને દિવાળી પાર્ટીનું સફળ પૂર્વક સંચાલન કર્યું હતું.

રાસની રમઝટ હોય તો તેમાં દરેક સારા ખેલાડીઓનું બહુમાન કરવા અનેક ઇનામો રાખ્યાં હતા તેમના દાતા પરિવાર માતુશ્રી સુમિત્રાબેન સુમનલાલ શાહ હસ્તે મનોજભાઈ શાહ એ ઉદાર દિલે દરેક વિનરને ખૂબ જ સુંદર ગિફ્ટ આપી અને બેસ્ટ પ્લેયર બેસ્ટ ડ્રેસ કપલ પ્લેયરને ગિફ્ટ આપી તેમનું સન્માન કર્યું હતું.

મંડળના પ્રમુખ શ્રી મનોજભાઈ શાહએ મુલુંડ-ભાંડુપ ઝાલાવાડના દરેક પરિવારને દિવાળી નિમિત્તે એક ખૂબ જ સુંદર દિવાળી ગિફ્ટ આપી હતી.

આ પ્રસંગે મુલુંડ ઝાલાવડ મંડળના ટ્રસ્ટી શ્રી બટુકભાઈ શાહ તેમજ શ્રી મનીષભાઈ શાહે આશીર્વાદ આપી અને લોકોનો ઉત્સાહ વધાર્યો હતો.

મંડળના સેક્રેટરી શ્રી રાજુભાઈ ગાંધીએ આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરી તેમજ રાસ-ગરબાની રમઝટ માણવા માટે K3 બેન્ડે ખૂબ જ ઉત્સાહપૂર્વક લોકોને રમાડ્યા હતા.

મુલુંડ મંડળના શ્રી આનલ સંઘવીએ ડેકોરેશન કરવાનું બીડું ઝડપ્યું હતું અને તેમણે ખૂબ જ ડિસ્કાઉન્ટ ભાવે આખા બેન્કવેટ હૉલ ડેકોરેશન કરી અને કાર્યક્રમની રોનક જ કંઈક અલગ બનાવી હતી.

અંતમાં ખૂબ જ સુંદર ભોજનની લહેજત માણી અને મંત્રી શ્રી રાજુભાઈ ગાંધીએ દરેકનું આભાર વિધિ કરી અને કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ - ઘાટકોપર

શ્રી ઝાલાવાડ યુવક મંડળ-ઘાટકોપર અને આયુર વેદમ દ્વારા પ્રસ્તુત પ્રિ-નવરાત્રિ ગરબા નાઈટ-૨૦૨૫માં ખેલૈયાઓ ઝૂમી ઉઠ્યા પાવર્ડ બાયઃ ઓમ જ્વેલર્સ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મંડળ-ઘાટકોપર અને આયુર વેદમ દ્વારા પ્રસ્તુત ૧૩ સપ્ટેમ્બરના સાંજના ચેમ્બુરના સિટી બૅન્કવેટ હૉલમાં પ્રિ-નવરાત્રિ ગરબા નાઈટ-૨૦૨૫નું શાનદાર અને ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૫૦૦થી વધુ લોકોએ અતિઉત્સાહપૂર્વક પ્રિ-નવરાત્રિ ગરબા ઉત્સવને મન મૂકીને માણ્યો હતો.

મહાનુભાવોની હાજરી

આ ગરબા ઉત્સવમાં ઝાલાવાડ બિઝનેસ ફોરમના સેક્રેટરી રાહુલભાઈ સંઘવી (સાયન), ભાયંદર યુવક મંડળના જિજ્ઞેષભાઈ શાહ અને દેવાંગભાઈ પટવા,તેમજ યુવક મંડળના અનેક ગોલ્ડન પીલર્સ તેમના પરિવારજનો સાથે હાજર રહ્યા હતા.

ઈવેન્ટના કૉ-પાર્ટનરો : આ ઈવેન્ટને સફળ કરવામાં ઈવેન્ટને પાસ પાર્ટનરઃ ચીકાણી ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સના વિક્રમ ચીકાણી, ગિફ્ટ પાર્ટનર-અતિથિ દેવો ભવઃ હૉલિડેઝના ઋષભ રોહિત પરીખ, અસોસિએટેડ પાર્ટનર-ઈવોકસના રિષિકેશભાઈ અને નવકાર ડ્રીમ્સ-વિશેષ પારેખ અને લકી ડ્રો-પાર્ટનર-શીતલ હર્બલના શીતલ ભટ્ટનો સાથસહકાર રહ્યો હતો.

ખેલૈયાઓએ બોલાવી રમઝટ ગરબાના ખેલૈયાઓએ મુંબઈ અને ગુજરાતના પ્રખ્યાત સિંગરો ભરત શર્મા, મનીષા જોષી, મનોજ પરમાર તથા વિરલ શાહના બૅન્ડ સાથે અંબિકા સાઉન્ડે સાંજના સાત વાગ્યાથી રાતના ૧૨.૩૦ વાગ્યા સુધી રમઝટ બોલાવી હતી.

ચટાકેદાર ભોજનની લહેજત ખેલૈયાઓ અને તેમના પરિવારોએ ઘાટકોપરના પ્રસિદ્ધ કમલેશ કેટરર્સના સ્વાદિષ્ટ અને ચટાકેદાર ભોજનની લહેજત માણી હતી.

ગરબા-રાસના ઈનામના વિજેતાઓ

સાત વર્ષથી નીચેની કેટેગરી

બેસ્ટ ડ્રેસ (પુરુષ) - સારવ જય સલોત

બેસ્ટ ડ્રેસ (મહિલા) - કિઆ આકાશ પરીખ

બેસ્ટ ડાન્સ (મહિલા) - આર્યા અને કશવી અદિતિ મહેતા

આઠથી અઢાર વર્ષની કેટેગરી -

બેસ્ટ ડ્રેસ (મહિલા) - વાની રાહુલ શાહ

બેસ્ટ ડાન્સ (મહિલા) - હેઝલ આકાશ પરીખ

૫૦ વર્ષ સુધીની કેટેગરી -

બેસ્ટ ડાન્સ (મહિલા) - યેશા સાગર શાહ, નેહા પારસ વોરા અને દિયા દીપ ઉદ્દેશી

બેસ્ટ ડ્રેસ (પુરુષ) - મોનિલ બારભાયા

બેસ્ટ ડ્રેસ (મહિલા) - કિરણ કુવાડિયા અને ચાંદની સલોત

બેસ્ટ કપલ (ડાન્સ અને ડ્રેસ) - આકાશ રોહિત પરીખ અને કિંજલ આકાશ પરીખ

૫૦ વર્ષથી ઉપરની કેટેગરી -

બેસ્ટ ડાન્સ અને ડ્રેસ - જિનલ ઉદયન શાહ

જજઃ હર્ષાબહેન પુષ્પેન્દ્રભાઈ શાહ અને ગીતાબહેન અરૂણભાઈ શાહ

લક્કી ડ્રોઃ આ ઈવેન્ટના ખેલૈયાઓ માટે ૨૦ લકી-ડ્રો રાખવામાં આવ્યા હતા. જેનાથી ખેલૈયાઓ હર્ષોલ્લાસ માં આવી ગયા હતા.

**આગામી પરા મંડળોના વાર્ષિક કાર્યક્રમોની તારીખ નીચે પ્રમાણે છે.**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ઘાટકોપર**
**તા.૧૬-૧૧-૨૫**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ**
**સાયન-માટુંગા-વડાલા-દાદર**
**તા.૭-૧૨-૨૫**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ-અંધેરી**
**નવી તા.૧૮-૧-૨૦૨૬**
**(તા.૯-૧૧-૨૦૨૫ કેન્સલ કરેલ છે)**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - મલાડ**
**તા.૨૪-૫-૨૦૨૬**

# PART-TIME WORK FOR RETIRED & HOUSEWIVES

**EXCLUSIVE FOR BUSINESSMEN, GOVT/PVT OFFICERS, HOUSEWIVES, RETIRED/VRS PEOPLE, BANKERS, PENSIONERS, EX DEFENCE**

## EARN Rs. 25,000 - 75,000

**2 HOURS OF YOUR TIME INVESTED CAN GIVE YOU UNBELIVEBLE CAREER AND SUCCESSFUL GROWTH**

ZERO INVESTMENT,
ZERO REGISTRATION FEE,
ZERO TARGETS,
REWARDS & RECOGNITION

FORM 16, COMMISSION & UNLIMITED INCENTIVES, YEARLY 5 FOREIGN CONVENTION & DOMESTIC TRIPS, WORLD CLASS TRAINING & TEAM SUPPORT, IIM CERTIFICATION LEVEL TRAINING

**START YOUR 2ND CAREER WITH ONE OF THE BIGGEST AND MOST TRUSTED CORPORATE HOUSE OF INDIA**

**Contact: Nileshbhai / Ketanbhai : 87793 62982**

**If it's really not for you; please refer us... Thank you**

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

SINCE 1991
Vision OPTICS
Opticals & Contact Lenses

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

Estd.-1931
**J. LALDAS & Company**

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

**NEW MAHAVIR TRAVELS**

**Available Rental Car / Taxi in Surendranagar**
**Innova - Ertiga - Swift Desire**
**Tempo Traveller - EECO**
***Available at Discounted Price***

Contact :
Gautambhai Kothari - 9898166768
Darshanbhai - 8780028856

આપણા શ્રી સંઘ સંચાલિત શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિકભવનમાં અત્યાર સુધી શાશ્વતી નવપદજી આયંબીલ ઓળી પાંચ વખત કરાવી સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠી દાતાશ્રી પરિવારો લાભ લઈ પુણ્યનું ઉપાર્જન કરી ભાથુ બાંધેલ છે. આ પાંચેય ઓળીમાં જોડાયેલા તપસ્વી આરાધકોએ ધર્મ આરાધના સાથે આયંબીલ ઓળી સુખશાતા પૂર્વક પૂર્ણ કરી ધન્યતા પામેલ છે. આપણા યાત્રિકભવનની બ્લોકની સંખ્યા પ્રમાણે દરેક ઓળીમાં ૧૦૮ આરાધકો જોડાયેલા હતા. આ ત્યારેજ શક્ય બન્યું છે કે સંઘના હોદ્દેદારોના સંપૂર્ણ દેખરેખ – સુવ્યવસ્થિત આયોજન અને તપસ્વી આરાધકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તેની કાળજી લેવામાં આવેલ હતી. પાંચેય ઓળીના દાતાશ્રીઓ પરિવારના સભ્યો સાથે ઉપસ્થિત રહેતા હતા. દરેક દાતાશ્રી પરિવારોએ સંતોષકારક ઉલ્લેખ કરી શ્રી સંઘનો આભાર માનેલ હતો. અત્યારસુધી પાંચ ઓળીના લાભાર્થી પરિવારો : (૧) માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ હીંમતલાલ શાહ પરિવાર (રામપુરા–ભંકોડા–વાલકેશ્વર) (૨) માતુશ્રી રંજનબેન હર્ષદરાય દીપચંદ શાહ પરિવાર (લીંબડી–વાલકેશ્વર) (૩) શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ ખીમચંદ શાહ પરિવાર (ખેરવા–દાદર) (૪) શ્રીમતી લલિતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવાર (ચુડા–જુહુ–વિલેપાર્લા)

(૫) પાંચમી ઓળીના કુલ નવ દાતાશ્રી પરિવારો તરફથી (૧) શ્રી અતુલભાઈ રમણીકલાલ પરીખ (લીંબડી–વિલેપાર્લા) (૨) માતુશ્રી ઉષાબેન ચંદ્રેશભાઈ શાહ (બે નામ) (સુરેન્દ્રનગર–અંધેરી) (૩) શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ (ખેરવા–દાદર) (૪) શ્રીમતી ચંદનબેન અરવીંદભાઈ શાહ (ધોલેરા–બોરીવલી) (૫) શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ (મૂળી–ગોરેગામ) (૬) શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (સુરેન્દ્રનગર–અંધેરી) (૭) શ્રી કિરણભાઈ કાંતીલાલ શાહ (બોટાદ–અંધેરી) (૮) શ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઈ સલોત (બોટાદ–કુર્નુલ). ૨૦૮૨નાં ચૈત્રમાસની શાશ્વતા શ્રી નવપદજી આયંબિલ ઓળી કરાવવાની ભાવના હોય તે પરિવારોએ નીચે જણાવેલ મો.નં. પર સંપર્ક કરી વધારે માહિતી અને વિગતો મેળવવા વિનંતી.

૧૦૮ તપસ્વી આરાધકો મુખ્ય ખર્ચાની વિગતો: રેલવે ટિકટ   યાત્રિકભવન બ્લોક ભાડુ અગિયાર દિવસ અત્તરવાયણા–પારણા ભોજન સાથે રસોઈ ખર્ચ   સામાન (બેગો) મુંબઈ–પાલીતાણા–મુંબઈ ટ્રક ભાડુ.

ઉપરોક્ત ઓળીનો લાભ બે પરિવાર સાથે મળીને લઈ શકે છે. આગામી વિ.સં.૨૦૮૨ના ચૈત્ર સુદ-૭ને તા.૨૫–૩–૨૦૨૬ થી તા.૨–૪–૨૦૨૬ના નવ દિવસ જેથી અત્તરવાયણા ૨૪–૩–૨૦૨૬ પારણા ૩–૪–૨૦૨૬ સુધી ૧૧ દિવસ રહેશે.

મનની શાંતિ – શરીરની સ્વસ્થતા અને આત્માની પવિત્રતાનો ત્રિકોણ એટલે આયંબિલ તપ. આધિ–વ્યાધિ અને ઉપાધિરૂપ સગડીમાં શેકાતા સંસારી જીવોને મળતી ઠંડક – એટલે આયંબિલ તપ. દુ:ખ દરિદ્ર અને દુર્ભાગ્યનો નાશ કરનાર તપ – એટલે આયંબિલ તપ.

સંપર્ક : મહેન્દ્રભાઈ શાહ – ૯૮૨૧૪૧૩૩૭૭ / મુકેશભાઈ શાહ – ૯૮૬૯૦૪૦૧૫૦

## ઝાલાવાડી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય વિશેષાંક નવેમ્બર - ડીસેમ્બર

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૫ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિ:સ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી ચેરમેન એપેક્ષ સમાજરત્ન શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લા વર્ષોમાં સૌથી પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત ગત જુલાઈ ૨૦૨૪માં કરેલ છે. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ કાંઈક નવું સાહસ કરવું જ જોઈએ. વધુ જાણકારી અને માહિતી પહોંચાડવા તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત કરેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ યુવક-યુવતી પરિચય માટે 'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકામાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં બાયોડેટા ટૂંકી માહિતીના પત્રિકા દ્વારા ઓક્ટો.-નવે. માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જે યુવક-યુવતી 'ઝાલાવાડ જૈન સગપણ સેતુ' માં નોંધાયેલા છે તેમના બાયોડેટા છાપી પ્રસિધ્ધ કરવામાં આવશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

આયોજીત / સંચાલિત

## આપણા શ્રી સંઘનાં સભ્યો માટે આયુષ્યમાન કાર્ડ કઢાવવાની સુંદર તક....

શ્રી સંઘના જે કોઈ આજીવન સભ્ય પરિવારોના સભ્યોને આયુષ્યમાન કાર્ડ કઢાવવાના હોય તેમણે આધાર કાર્ડ – રેશન કાર્ડ લીંક કરાવેલ હશે તેવા સભ્યો

કાંદીવલી–દામોદરવાડી તા.૨૨–૧૧–૨૦૨૫ શનીવારના બપોરે ૩ થી ૫ અને

અંધેરી સંઘની ઓફીસમાં તા.૨૯–૧૧–૨૦૨૫, શનીવારના સવારે ૧૧ થી ૧.

સ્થળ પર આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવશે. નોંધણી (રજીસ્ટ્રેશન) ફરજિયાત કરાવવાનું રહેશે. નોંધણી માટે નં. ૯૧૩૭૩૪૨૮૧૮

**કાંદીવલી** : દામોદરવાડી માટે નોંધણીની છેલ્લી તારીખ : તા.૨૦–૧૧–૨૦૨૫

**અંધેરી** : સંઘ ઓફીસ માટે નોંધણીની છેલ્લી તારીખ : ૨૭–૧૧–૨૦૨૫

**ખાસ નોંધ** : દરેક સભ્યો આધાર કાર્ડમાં જે મો.નં. આપેલ હોય તે સાથે લાવવાનો રહેશે

શ્રી સંઘનું આજીવન સભ્યપદ કાર્ડ વોટસઅપથી સંઘના મો.નંબર પર મોકલવાનું રહેશે. સાધર્મિક પરિવારો માટે નિ:શુલ્ક અને અન્ય સભ્યો માટે રૂા.૧૫૦/– આપવાના રહેશે.

**વિશેષ જાણકારી** : ભારત સરકારની યોજના (P.M.J.Y.) દ્વારા રૂા. ૫ લાખ સુધીની સારવાર અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહાત્મા જ્યોતીબા ફુલે યોજના દ્વારા આરોગ્ય કાર્ડમાં રૂા. ૫ લાખ (કુલ રૂા.૧૦ લાખ) સુધીની નિ:શુલ્ક સારવાર નક્કી કરેલ હોસ્પિટલોમાં કરવામાં આવે છે. વેબસાઈટ મુજબ મુંબઈની ૨૦૦ હોસ્પીટલમાં નિ:શુલ્ક (ફ્રી) સારવાર મળે છે.

ઉપરના દરેક કાર્ય માટે નોંધણી ફરજીયાત છે.

**સંપર્ક સેતુ : ૯૮૨૦૮૯૯૨૩૯ / ૯૮૨૧૨૩૬૮૨૬ / ૯૮૬૯૦૪૦૧૫૦**

---

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

આયોજિત / સંચાલિત

## મેમોગ્રાફી (બ્રેસ્ટ કેંસર) નિદાન શિબિર

આપણા શ્રી સંઘના બોરીવલીથી – વિરારમાં રહેતા પરિવારોની વયસ્ક ૫૦ વર્ષથી ઉપરની મહિલાઓ માટે મેમોગ્રાફી (બ્રેસ્ટ કેન્સર) નિદાન શિબીર (કેમ્પ) ભાયંદર–મલાડમાં રાખવામાં આવેલ છે. તારીખ, વાર, સ્થળ, સમય વોટ્સઅપ દ્વારા જણાવવામાં આવશે.

જે સભ્ય પરિવારના બહેનોને (ચેકઅપ) નિદાન કરાવવા માટે નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવવાની રહેશે.

સાથે જે પરિવારોના સભ્યોના આધારકાર્ડ અને રેશનકાર્ડનું જોડાણ (લીંક) થયેલ હોય તે સભ્યોને સ્થળ પર જ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવશે. સાધર્મિક પરિવારો માટે નિ:શુલ્ક અને અન્ય સભ્યો માટે રૂા.૧૫૦/– આપવાના રહેશે.

**સંપર્ક સેતુ : મુકેશ શાહ ૯૮૬૯૦૪૦૧૫૦ / રૂપેશ શાહ ૯૮૨૧૨૩૬૮૨૬ / બંકિમ માથુકીયા ૯૮૬૯૦૧૫૨૭૦**




# RAAS GARBA NIGHT 13/9/2025



Committee Members 2025-27



Felicitation of Shri Rohit R. Parikh, Gift Partner by Jai Salot, Treasurer



Felicitation of Shri Vishal Parekh, Navkar Dreams by Rushabh Parikh, IPP and Aakash & Pritesh



Shri Rahul Sanghvi, ZBF Secretary with President Aakash Parikh & Pritesh Shah



Judges for the event Smt. Harsha P. Shah & Smt. Geeta A. Shah with Aakash Parikh, President



Zalawad Mandal Ghatkopar members enjoying at the Pre-Navratri Rass Garba Night



Felicitation of Shri Hrishikesh, EVOXX by Mehul Kothari, Vice President & Amee Kothari

| Pass Partner | Gift Partner | Associate Partner | Lucky Draw Partner |
|---|---|---|---|
| CHIKANI TOURS & TRAVELS | holidays | EVOXX / NAVKAR DREAMS BUY/ SELL/ RENT | Sheetal HERBAL |

## GOLDEN PILLARS FOR 2025 - 2027

| | | | | | |
|---|---|---|---|---|---|
| Samaj Gaurav Shri C. M. Shah | Samaj Ratna Shri Dilipbhai K. Shah | Samaj Gaurav Shri Arvindbhai K. Shah | Matushree Lilaben Padamshibhai Shah | Matushree Shantaben Butalal Shah | Shri Jayantbhai Chimanlal Shah |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Shri Rahul D. Sanghavi - Sion | Shri Nimish Himatlal Mashkaria | Shri Pradeepbhai Salot | Smt. Kavitaben Rajnikantbhai Shah | Smt. Geetaben Arunbhai Shah | Smt. Anjali Bharat Shah | V & P Jewels (Viral Sheth & Pratik Shah) |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Shri Keyur Kamlesh Parekh | Shri Prashant R. Parikh | Shri Paras Suresh Shah Parshwa Diamond Jewellery | Rajiv G. Shah (Samarth) | Kiran K. Shah (Tip Top) | Rajesh C. Gandhi (C. M. Gandhi) | Tejas Ashok Shah (Prospertive) | Abhay Shah (Siddharth Property Realtors) |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Rushabh R. Parikh | Pritesh P. Shah (Nuts & Bolts) | Hemang Shah | Ashit P. Shah (Vision Optics) | Ronak P. Shah (Chai Garam) | Mitul Shah | Ekta D. Shah | Yogesh Vora (Sadhana) | Nimit B. Shah (Heet Opticians) |

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન


## લેપટોપ સહાય યોજના

**11TH OCTOBER 2025 LAPTOP DISTRIBUTION**

LAPTOP DISTRIBUTION PROGRAM, AIMED AT EMPOWERING STUDENTS FOR A BRIGHTER FUTURE.




પદાધિકારીઓ તથા મહાનુભાવો લેપટોપ ઉદ્દઘાટન પ્રસંગ




ચેરમેન
શ્રી વિનોદભાઈ ટી. શેઠ



એમિરેટ્સ રામાજરત્ન
શ્રી ચીનુભાઈ એસ. શાહ



સંઘ પ્રમુખ
શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ



સેક્રેટરી જનરલ
શ્રી જીતુભાઈ એસ. કોઠારી



ખજાનચી
શ્રી કિરણભાઈ કે. શાહ



સેક્રેટરી
શ્રી કેતનભાઈ એ. શાહ



દાતાશ્રી
વિરેન્દ્રભાઈ જે. કોઠારી



પદાધિકારીઓ તથા મહાનુભાવો...



લેપટોપ વિતરણ રજીસ્ટ્રેશન વિભાગ




નમસ્કાર મહામંત્રનું પઠન



આમંત્રિત મહેમાનો તથા વિદ્યાર્થીઓ


ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ


એમિરેટ્સ સમાજના
શ્રી ચીનુભાઈ શાહ


વાઈસ ચેરમેન શ્રી હર્ષદભાઈ શાહ


દાતાશ્રી વિરેન્દ્રભાઈ કોઠારી


સેક્રેટરી જનરલ શ્રી જીતુભાઈ કોઠારી


ખજાનચી શ્રી કિરણભાઈ શાહ


સેક્રેટરી શ્રી કેતનભાઈ શાહ


સહખજાનચી શ્રી કમલેશભાઈ શાહ


સંઘ ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ શાહ


સંઘ PRO શ્રી દીપકભાઈ ગાંધી


સંઘ સેક્રેટરી શ્રી મીતેશભાઈ શાહ


ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી હનીશભાઈ



દાતાશ્રી રૂપેશભાઈ શાહ


ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી રાજુભાઈ


દાતાશ્રી હરેનભાઈ શાહ


લેપટોપ પ્રસંગ કાર્યકર
શ્રી પ્રિતેશભાઈ


મેનેજર શ્રી પ્રતાપભાઈ


લેપટોપ વિતરણ પ્રસંગે વિદ્યાર્થીઓના હૃદયના ઉદ્ગાર...

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - વિલેપારલા

## ૪૪મો વાર્ષિકોત્સવ કાર્યક્રમની તસ્વીરી ઝલક













# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - વિલેપારલા

## ૪૪મો વાર્ષિકોત્સવ કાર્યક્રમની તસ્વીરી ઝલક














# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - મુલુંડ
## શ્રી મુલુંડ ઝાલાવાડ મંડળ દિવાળી પાર્ટી વિથ ગરબાત્સવ















## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - મુલુંડ
## શ્રી મુલુંડ ઝાલાવાડ મંડળ દિવાળી પાર્ટી વિથ ગરબાત્સવ

















શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમઃ    કષ્ટ હણનાર શ્રી નાંણદેવીમાતાય નમો નમઃ    શ્રી સંભવનાથાય નમઃ

મૃત્યુ-સાધના



જન્મસ્થળ:ગુજરાત
(૨૪-૦૫-૧૯૪૩)

પુરુષાર્થ ભૂમિ:મુંબઈ
(૦૬-૧૦-૨૦૨૫)

હાલ -પ્રભુ-ચરણ

"ભઈ"

## સ્વ. શ્રી જશવંતભાઈ રમણલાલ શાહ (કુવાડિયા)

**(૮૨ વર્ષ )**

સેવા-સમર્પણ ભાવી,સાદાઈ,ધર્મપ્રેમી,નાની વયથી કૌટુંબિકસુખ-સગવડ માટે ધૂપ બની તન-મન ધનથી ચંદનસુધા આપનાર કર્તવ્યનિષ્ઠ મૌન સેવક,પરોપકારી,ધીર-ગંભીર,ઋજુહૃદય, કર્મઠ,મા-બાપાનો શરૂઆતથી જીવન-આધારસ્તંભ,એક સંતાન સંતોષ :"ભઈ" દરેક જીવનપ્રસંગ-સબંધને સમતાભાવે સ્વીકારી નિખાલસ મૌન સ્મિત ચેહરો,શુન્યમાંથી સર્જન કરનાર, સાધર્મિક ભકિત માટે સદાય તત્પર જીવ, આત્મગુણોનો ગુણાકાર કરતુ અનુકરણીય સાધનામય ઉર્ધ્વંગામિજીવનકળા આપી સદાય હૃદયમા અમરસિદ્ધ સેવક જશવંત બની રેહશો.

તમારા આર્શિવાદ અમારી સાથે રહે તે જ અંતઃકરણની પ્રાર્થના.
આપના કર્મના સિદધાંત દ્વારા અમારા જીવનમાં હંમેશા દિવાની માફક પ્રકાશ ફેલાતો રહેશે.

**❖જય-જિનેન્દ્ર❖**

જન્મ-દાતા: સ્વ.શાંતાબેન ર. શાહ (કુવાડિયા)
સ્વ.રમણલાલ છગનલાલ શાહ (કુવાડિયા) -૨૫-વર્ષ પુર્ણઅંધકાળ જીવન
પ્રભુ-ભેટ સુપુત્રી: ચિ. સિદ્ધિબેન જશવંત શાહ
ઋણાનુબંધ સગાઈ: ૨૫વર્ષ ટીફીન-સેવા આપનાર દરેકનો ધન્યવાદ.
૩૦ વર્ષ બા-બાપાનો ઈલાજ કરનાર દરેક ડૉકટર/ સર્જનનો ધન્યવાદ.



મંગલ મંદિર ખોલો દયામય..
મંગલ મંદિર ખોલો...
જીવન વન અતિ વેગે વીતાવ્યુ,
દ્વાર ઉભો શિશુ ભોળો...
તિમીર ગયુ અને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમા લ્યો... દયામય,
મંગલ મંદિર ખોલો...

સદ્ગતના આત્મશ્રેયાર્થે સાધર્મિક : ૧૦૦૦,જીવદયા : ૧૦૦૦ ,તબીબી : ૧૦૦૦,
તપશ્ચર્યા: ૧૦૦૦,કેળવણી : ૧૦૦૦,પત્રિકા : ૧૦૦૦
શ્રી સંઘને ભેટ આપેલ છે.

## સ્વર્ગ મળશે તોય શાતા નહિ મળે...

આજે સંયુક્ત પરિવારની વિભાવના ખતમ થઈ રહી છે. નવી પેઢીને સ્વતંત્રતા જોઈએ છે. વડીલોના વહાલમાં એમના શ્વાસ ગુંગળાય છે અને વડીલોની શિખામણ એમને ત્રાસદાયક લાગે છે. પરંતુ પરિવારો તૂટવાને કારણે જ આજનો માણસ ઉચાટ અને ઉપાધિઓ વચ્ચે ડૂબેલો રહે છે. એને જ્યાંથી હૂંફ અને આશ્વાસન મળતાં હતાં, એ સ્વજનોને તો એણે છોડી દીધાં. પછી બહારના – પારકા લોકો પાસેથી એને શું મળવાનું? પરિવાર ન હોય એવી લાઈફમાં ભલીવાર ક્યાંથી હોય?

ક્યારેક વડીલોની શિખામણો અને એકની એક સલાહોથી આપણે અકળાઈ ઊઠીએ છીએ. 'અમને બધી ખબર પડે છે, અમે કાંઈ હવે નાદાન બાળક નથી' એમ કહીને વડીલોના વાત્સલ્યનો અનાદર કરી બેસીએ છીએ. વડીલોની લાગણી હર્ટ થાય છે. એ શાંત અને ચૂપ થઈને બેસી જાય છે. પછી આપણા માટે એ શબ્દો નથી ઉચ્ચારતાં, મનોમન મૌનપણે શિખામણ અને શુભાશિષ વહાવે છે. આપણા દ્વારા થતી ઉપેક્ષા સહન કરીનેય જે વડીલો આપના પ્રત્યે વહાલ અને વાત્સલ્ય અવિરત વહાવતા રહે છે એમનું સાંનિધ્ય છૂટી ગયા પછી સ્વર્ગ મળશે તોય શાતા તો નહિ જ મળે!

માત્ર હર્યાભર્યા પરિવારમાં જ સાંભળવા મળે એવા આ લાગણીભર્યા શબ્દોથી આપણને છેટું ન પડી જાય એની કાળજી રાખીએ તો ગમે તેવો કળિયુગ પણ ઢીલો પડી જશે... ભોંઠો પડી જશે.

---

### શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ – મુંબઇ
### નવા આજીવન સભ્યો (૦૧/૧૧/૨૦૨૫)

| ક્રમ | નામ | વિસ્તાર | મૂળવતન |
|---|---|---|---|
| ૧. | પંકજભાઇ વિનોદચંદ્ર શાહ | મુલુંડ (વેસ્ટ) | લીંબડી |
| ૨. | વિશાલભાઇ વિનોદચંદ્ર શાહ | મુલુંડ (વેસ્ટ) | લીંબડી |
| ૩. | પ્રદિપભાઇ જગજીવનદાસ શાહ | થાણા | કારોલ |
| ૪. | નરેશભાઇ ધીરજલાલ શાહ | કાંદીવલી (વેસ્ટ) | સાયલા |
| ૫. | કરણભાઇ નલીનભાઇ શાહ | કાંદીવલી (વેસ્ટ) | વઢવાણ |
| ૬. | ભાવીનભાઇ યુગલકિશોર શાહ | મલાડ (વેસ્ટ) | ચોટીલા |
| ૭. | નીરવભાઇ જયેશભાઇ ગાંધી | ભાયંદર (વેસ્ટ) | બોટાદ |
| ૮. | બીનાબેન નિલેશકુમાર શાહ | મીરારોડ (ઇસ્ટ) | લીંબડી |
| ૯. | યતિશભાઇ વિરેન્દ્રભાઇ શાહ | નાલાસોપારા (વે) | વઢવાણ |
| ૧૦. | જયેશભાઇ નગીનદાસ શાહ | કાંદીવલી (વે) | સુરેન્દ્રનગર |
| ૧૧. | અમીનભાઇ ચીમનલાલ શાહ | સાયન (વે) | ખેરવા |

### પેટ્રન મેમ્બર

| | | | |
|---|---|---|---|
| ૧. | નીમેશભાઇ ઇંદુભાઇ કપાસી | મુંબઇ | ચુડા |
| ૨. | પરેશભાઇ સેવંતીભાઇ કપાસી | મુંબઇ | ચુડા |

### એશોશીયેટ પેટ્રન મેમ્બર
